જ્ઞાનકુંજ પ્રોજેકટ અંતર્ગત

# Improving English Language Pronunciation Through Language Lab

## વાઘજીપુર પે.સે.શાળા

## તા : કપડવંજ જિ : ખેડા

## તા : ૦૧/૦૨/૨૦૧૮
















SpeechAce Trial Cont
Secure https://app.speechace.co/placement/course/7/quiz/1/11
11 of 15
Thirteen
LATEST: 89%
1ST: 89%
2ND: 34%
3RD: 22%
You got it! Are you a native speaker?
89%


UBON
It's all about "U"
BIG DADDY BASS
BEAST SERIES
UB-1270/CHAMP

ભાષા પ્રયોગશાળા શબ્દથી ભાષા તજજ્ઞો,ભાષા વિદો,ભાષાના વિદ્યાર્થીઓ પરિચિત હોય છે.મેં મારા કોલજકાળમાં આના વિશે અભ્યાસ કરેલો.અંગ્રેજી ભાષા શીખવા માટે આપણા ગુજરાત રાજયમાં સ્કોપ નામની સંસ્થા કાર્યરત છે.આ સંસ્થાની અંગ્રેજી શીખવવાની અનોખી રીત મેં જોઈ છે.શીખી છે.બસ આ વિચારે મને મારી શાળામાં અંગ્રેજી ભાષાની ભાષા પ્રયોગશાળા(લેંગવેજ લેબ)શરૂ કરવા પ્રેરણા આપી.

લેંગવેજ લેબ શરૂ કરવા માટે મારી પાસે જ્ઞાનકુંજનો અત્યાધુનિક ઈન્ટરનેટ કનેકટેડ વર્ગ તો હતો.હવે મારે જરૂર હતી એક સોફટવેર કે જેમાં આપણી પ્રાથમિક શાળાના બાળકોની વયકક્ષાનુસાર અંગ્રેજી ભાષાને પાયામાંથી શીખવવાની પુરી સુવિધા હોય.જે મેં શાળામાં જ ઓનલાઈન એક વેબસાઈટથી પ્રાપ્ત કરી લીધું.જેમાં અંગ્રેજી ભાષાના સ્વરો,વ્યંજનો,શબ્દો, વાકયો તો હતા જ પણ તેમાં વોઈસ રેકોર્ડીગની પણ વ્યવસ્થા હતી.જે ઉચ્ચારની ટકાવારી તથા કરેલા ઉચ્ચારને પુનઃ સાંભળવાની પણ સુવિધા આપે છે.હવે વાત આવી બાળકોને ચોકકસ શબ્દના ઉચ્ચારો સંભળાવવાની અને તે બાળકોના ઉચ્ચારો કમ્પ્યુટર સુધી પહોંચાડવાની.તેના માટે શાળાએ વસાવ્યુ એક **હેડફોન કમ માઈક**.જેની મદદથી બાળકો ચોકકસ અક્ષરો,શબ્દોના આરોહ અવરોહ સાંભળીને તે મુજબ ઉચ્ચાર કરી શકે.

તમામ વસ્તુઓ ઉપલબ્ધ બન્યા પછી હવે સમય હતો તેનો ઉપયોગ વર્ગખંડમાં શરૂ કરવાનો.આજે સવારે શાળામાં આવી ધોરણ ૮ના જ્ઞાનકુંજ વર્ગમાં જઈ બાળકોને પ્રથમ ભાષાપ્રયોગ શાળા વિશે સમજ અપાઈ.બાદમાં અંગ્રેજી ભાષાને ચોકકસ ઉચ્ચારો સાથે બોલવા માટે એક દાર્શનિક પાઠ પણ આપવામાં આવ્યો.બાદ એક એક બાળકોને ઉભા કરી જુદા જુદા શબ્દોનો ઉચ્ચાર સંભળાવી બાળકો પાસે તેવા ઉચ્ચારો કરાવવામાં આવ્યા.જેમ જેમ બાળકો ઉચ્ચાર કરતા ગયા તેમ તેમ તેમણે કરેલ ઉચ્ચારની ટકાવારી વધતી જોઈ તેમનામાં વધુ સારી રીતે ઉચ્ચાર કરવાની ઈચ્છા પ્રગટ થઈ.બસ આ અમારી શાળાની ભાષા પ્રયોગશાળાની શુભ શરૂઆત.હવે બાળકો પોતાની રીતે જુદા જુદા શબ્દો સાંભળે છે.તથા તેનો ચોકકસ ઉચ્ચાર કરવા

માટે પ્રયત્ન કરે છે.સરકારી શાળામાં આ લેંગવેજ લેબનો અનુભવ ભાષાના પાયાના કૌશલ્યને વધુ સારી રીતે દૃઢ કરશે.જોગાનુંજોગ આજે શાળામાં તીથિ ભોજન હોઈ આવેલ વાલીઓ તથા એસ.એમ.સીના સભ્યોએ પણ આ લેંગવેજ લેબનો લહાવો લીધો.

સરકારશ્રીના આ જ્ઞાનકુંજ પ્રોજેકટ અંતર્ગત અમારી નાનકડી એવી શાળાએ લંકા ગમન વખતે રામસેતુના નિર્માણમાં પોતાની ભૂમિકા ભજવેલી તે ખિસકોલીના કામ જેટલું કામ કર્યુ છે.આવા આપણે સૌ સરકારશ્રીના આ જ્ઞાનયજ્ઞમાં જોડાઈ સરકારી શાળાઓને એક જુદા મકામ પર પહોંચાડીએ.

ચૌહાણ કુલદીપસિંહ બી.

આચાર્યશ્રી,વાઘજીપુર પે.સે.શાળા

તા : કપડવંજ , જિ : ખેડા